Prabhat

EDII

March 14, 2024

Pg.2

# ઈડીઆઈઆઈ અને ઉચ્ચ શિક્ષણ વિભાગે સ્ટુડન્ટ આંત્રપ્રિન્યોરશિપ પોલિસી હેઠળ ૧૩૯ યુવાનોને ગ્રાન્ટ્સ આપી

ગુજરાત સરકારના ઉચ્ચ શિક્ષણ વિભાગે આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ)ના સહયોગમાં ઈડીઆઈઆઈ કેમ્પસ ખાતે મંગળવારે સ્ટુડન્ટ આંત્રપ્રિન્યોરશિપ પોલિસી હેઠળ ૧૩૯ વિદ્યાર્થીઓને સ્ટાર્ટઅપ ગ્રાન્ટ્સ એનાયત કરી હતી. આ પોલિસી હેઠળ કોલેજના વિદ્યાર્થીઓના ૧૩૯ નવીનતમ આઈડિયાઝને રૂ. ૪૦,૦૦૦ની નાણાંકીય સહાય આપવામાં આવી હતી જેથી તેઓ તેમના સ્ટાર્ટઅપ્સના આઈડિયાઝ માટે પ્રોત્સાહન તથા મદદ મેળવી શકે.

આ પસંદગી ૮૩૮ વિદ્યાર્થીઓમાંથી કરવામાં આવી હતી જેમને તેમની કોલેજ ફેકલ્ટી મેમ્બર્સ દ્વારા તાલીમ આપવામાં આવી હતી જેમને તેમના હસ્તક્ષેપ પહેલા ઈડીઆઈઆઈ દ્વારા ટ્રેઈન કરવામાં આવ્યા હતા. કુલ ૪૨૯ ફેકલ્ટી મેમ્બર્સને આ હેતુ માટે ૧૦ ટ્રેનિંગ પ્રોગ્રામ્સ હેઠળ તાલીમ આપવામાં આવી હતી. ફેકલ્ટી મેમ્બર્સ દ્વારા ૪૬૦ વિદ્યાર્થીઓને (અત્યાર સુધી) નોમિનેટ કરવામાં આવ્યા હતા, તેમના આઈડિયાઝને રિફાઈન કરવામાં આવ્યા હતા અને તેમને ઈડીઆઈ ફેકલ્ટી, આયોજક સંસ્થાના પ્રિન્સિપાલ/નોડલ ઓફિસર, આઈ-હબના એક્સપર્ટ તથા ગુજરાત સરકારના ઉચ્ચ શિક્ષણ વિભાગના અધિકારીઓની પસંદગીની પેનલ સમક્ષ તેમના આઈડિયાઝ રજૂ કરવા માટે તાલીમ આપવામાં આવી હતી. ૪૬૦ બિઝનેસ આઈડિયાઝમાંથી ૧૩૯ને સ્ટુડન્ટ આંત્રપ્રિન્યોરશિપ પોલિસી હેઠળ ગ્રાન્ટ્સ આપવા માટે પસંદ કરવામાં આવ્યા હતા.